# વિવેકાનંદ જ્યંતી નહીં, જન્મોત્સવ

## માધવ મલ્હાર

તપન ત્રિવેદી

ભારતીય સંસ્કૃતિ-સનાતન ધર્મના ઉદ્ગાતા સ્વામી વિવેકાનંદ તેમની નિજી વિચારધારા અને તેજસ્વી વ્યક્તિત્વથી આજે પણ લોકહૃદયમાં અંકિત છે. તેમનું તત્ત્વજ્ઞાન પ્રત્યેક વ્યક્તિ, સમાજ, ધર્મ અને રાષ્ટ્રને પ્રેરક બની રહ્યું છે. અત્યંત અલ્પ આયુકાળમાં તેમણે માત્ર ભારત જ નહીં, સમસ્ત વિશ્વને પોતાનાં પ્રવચનોથી પ્રભાવિત કર્યું છે. તેમનાં પુસ્તકોમાં વિશ્વના અનેક વિષયો પરત્વે આપણને માર્ગદર્શન મળે છે. તેમના આજના જન્મદિવસ નિમિત્તે તેમને પ્રણામ.

મારી દૃષ્ટિએ તો વિવેકાનંદ ભલે આજે સદેહે આપણી વચ્ચે હયાત નથી તેમ છતાં તેમનું કાર્ય, તેમની વિચારધારાથી તેઓ આજે પણ સમયના આ વિશાળ પટ પર જીવંત છે. આથી તેમની જન્મજ્યંતી નહીં પણ તેમનો જન્મોત્સવ જ હોઈ શકે એમ મારું માનવું છે. તેમણે રામકૃષ્ણ પરમહંસ સાથે, મા કાલિ સાથે જે સાયુજ્ય મેળવ્યું તે હકીકત વિશ્વનાં તમામ જિજ્ઞાસુઓ, ઉપાસકો, મુમુક્ષુઓ, ઈશ્વરદર્શનની ખેવના રાખનાર તમામ માટે પથદર્શક છે.

શૈશવમાં તેઓ જ્યારે તોફાન કરતા ત્યારે તેમનાં માતા તેમના શિર પર શિવાલયમાં જઈને જળાભિષેક કરતા અને બાળ નરેન્દ્ર શાંત થઈ જતો. આ રીતે વિચારીએ તો વિવેકાનંદે શિવ-શક્તિ (મા કાલિ) સાથે સામંજસ્ય સાધ્યું છે. ગુરુ રામકૃષ્ણ પરમહંસની તેમણે અનન્ય શરણાગતિ સ્વીકારી સેવા કરી છે. શિષ્ય જ્યારે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે છે ત્યારે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પણ તેની પાછળ-સાથે રહીને તેને શક્તિ અને પ્રેરણા આપે છે, કાર્ય કરાવે છે અને સિધ્ધિ-પ્રસિદ્ધિની ટોચે લઈ જાય છે.

વિવેકાનંદના જીવનનો આવો જ એક પ્રસંગ મને યાદ આવે છે. એક વાર સ્વામી વિવેકાનંદના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. એક યુવક તેમની પાસે આવ્યો અને કહ્યું કે ‘‘આપના પ્રવચન દરમ્યાન મારે તમારું ચિત્ર દોરવું છે, આપ આજ્ઞા આપો’’. તેમણે આજ્ઞા આપી. પેલા યુવકે ચિત્ર દોર્યું અને પ્રવચન પૂરું થયા પછી તેમને બતાવ્યું. વિવેકાનંદે ચિત્ર જોયું. તેમણે ચિત્રમાં જોયું કે તેમની પાછળ સફેદ વસ્ત્રોવાળી એક વ્યક્તિ ઊભી છે. આ વિશે વિવેકાનંદે પેલા યુવકને પૂછ્યું તો યુવકે જણાવ્યું કે મને ખબર નથી. આપના પ્રવચન દરમ્યાન મેં તેમને આપની પાછળ ઊભેલા જોયા અને મેં તેમને ચિત્રમાં ઝડપી લીધા. વિવેકાનંદને ખ્યાલ આવ્યો કે રામકૃષ્ણ પરમહંસ સિવાય અન્ય કોણ હોઈ શકે? વિવેકાનંદની આંખો ભીની થઈ ગઈ. તેમણે મનોમન પ્રણામ કર્યા.



**આપના પ્રવચન દરમ્યાન મેં તેમને આપની પાછળ ઊભેલા જોયા અને મેં તેમને ચિત્રમાં ઝડપી લીધા. વિવેકાનંદને ખ્યાલ આવ્યો કે રામકૃષ્ણ પરમહંસ સિવાય અન્ય કોણ હોઈ શકે?**

આ પ્રસંગ શિષ્ય અને ગુરુના અદ્વૈતનો સંકેત આપે છે. ગુરુના કાર્ય અને અભિગમને આધારે જીવનમાં અધ્યાત્મજગતમાં ડગ ભરતાં શિષ્ય માટે ગુરુના આશીર્વાદ તો અવિરત વરસતાં રહે છે. તેઓ પરોક્ષ રૂપે પણ આમ શિષ્યની પડખે છાયા બની સતત હાજર રહે છે. જગતને એ ભલે છાયા દેખાતી હોય પણ રામકૃષ્ણ સ્વયં જ હાજર હતા એમ ન કહી શકાય? અથવા એમ કહો કે રામકૃષ્ણ પરમહંસ જ સ્વયં તેમના પાછળ ઊભા રહી તેમની વાણીમાંથી પ્રગટ થતાં રહેતાં હોય તે પણ બનવાજોગ છે.


અધ્યાત્મ અભિગમ ધરાવતા, ગુરુની પ્રાપ્તિની ઈચ્છા ધરાવતા કે ગુરુપ્રાપ્તિ કર્યા પછી પણ સૌને માટે આ પ્રસંગ પ્રેરક છે. તેમની તેજસ્વિતાથી પ્રભાવિત થઈને એક વાર એક યુવતીએ તેમની પાસે આવી કહ્યું કે તમે મારી સાથે સંબંધ બાંધો. મારે તમારા જેવો પ્રતાપી પુત્ર જોઈએ છે. વિવેકાનંદે તરત જ જણાવ્યું કે, ‘‘તમે મને જ તમારો પુત્ર માની લો ને’’. એ યુવતીએ પોતાનું જીવન વિવેકાનંદના પથ પર સમર્પિત કરી દીધું. એ યુવતી હતાં ભગિની નિવેદિતા.

## અવધૂત ચિંતન

# પ્રભુનો આદેશ

## ધર્મ મર્મ

શ્રીજીવ વ્યાસ



દર વખતે પ્રભુ તરફથી દરેક વ્યક્તિના અંતરઆત્માને આમ કરો, આમ નહીં કરો, એવો આદેશ ચોક્કસ મળતો જ રહે છે પરંતુ આપણામાંના મોટાભાગના તેમના આદેશને સાંભળી નથી શકતા. અગર કોઈ કંઈ સાંભળે તો પણ તેની અવગણના કરે છે એનું પરિણામ એ આવે છે કે આપણે જ્યાં જે ક્ષેત્રમાં જઈએ છીએ ત્યાં આપણને અડચણ જ નડે છે. આપણાથી આગળ વધેલાઓને જોઈને આપણને બળતરા, ઈર્ષા થાય છે. આપણી એ ઈર્ષાને શાંત કરવા તેની આકરી નિંદા કરવા માંડીએ છીએ અને ઈર્ષ્યા વધતી જ જાય છે. આપણા સિવાય બીજા બધામાં ભૂલો, ખામીઓ જ દેખાય છે જાણે બધાને સુધારવાનો બધી બુરાઈઓ એક સાથે દૂર કરવાનો આપણે ઠેકો લઈ લઈએ છીએ. વિરોધીઓની એક વાત પણ સાંભળવા આપણે તૈયાર નથી, આપણે આપણી વાત જ સંભળાવ્યા કરીએ છીએ.

આપણો મેલ- દૂષણ જોવા માટે આપણી પાસે સમય જ નથી રહેતો. ધોવાનું તો દૂર; ખુદ આપણે મલિન થઈ શકીએ છીએ એવું વિચારવાનો સમય સુદ્ધાં નથી રહેતો. હકીકતમાં આપણે ખુદ મલિનતાથી વીંટળાયેલા હોઈએ છીએ, પરંતુ સપના સ્વર્ગીય જીવનના જોતા હોઈએ છીએ. પ્રભુ તરફથી આવતી પ્રેરણાને, તેમણે આપેલા સ્નેહભર્યા આદેશને નહીં સાંભળવાનો, સાંભળીને તેની અવગણના કરવાનું આવી ભાવનાવાળી પ્રવૃત્તિ જેટલી વધતી જાય તેટલા પ્રમાણમાં આપણે ઉત્તરોત્તર તેમની મંગલ પ્રેરણા ગ્રહણ કરવામાં અયોગ્ય બનતા જઈએ છીએ. તેમના અવાજ અને આપણા જ્ઞાનની વચ્ચે અવરોધ મજબૂત બનતો જાય છે. મલિન ભાવના, તે થકી મલિન પ્રવૃત્તિ, તે પછી મલિન સંસ્કાર એમ ક્રમશઃ મોટી મોટી દીવાલો બની જાય છે અને એ રીતે ધીરે-ધીરે પ્રભુ તરફથી આવેલી સુચના મંદ પડતી પડતી અંતે એવી બની જાય છે કે જાણે અદ્રશ્ય થઈ ગઈ હોય. જાણે હતી જ નહીં.

**આપણો મેલ- દૂષણ જોવા માટે આપણી પાસે સમય જ નથી રહેતો. ધોવાનું તો દૂર; ખુદ આપણે મલિન થઇ શકીએ છીએ એવું વિચારવાનો સમય સુદ્ધાં નથી રહેતો. હકીકતમાં આપણે ખુદ મલિનતાથી વીંટળાયેલા હોઇએ છીએ**

આદેશ, સૂચનો તો એ સમયે પણ આવતા જ હોય છે પરંતુ આપણું મન તેને ગ્રહણ કરવામાં સાવ અયોગ્ય બની જાય છે એટલે આદેશ સંભળાતો નથી. માની લો કે આપણી જીવનયાત્રા દરમિયાન કોઈ સમસ્યા ઊભી થઈ તો એ સંજોગોમાં કયા પ્રકારની ગોઠવણ વધુ યોગ્ય રહેશે?આપણે શું કરવું જોઈએ? આપણે શું કરીએ? આ બધી વાત પ્રભુ તરફથી પ્રાપ્ત થાય છે આ સંબંધમાં તેમનો નિશ્ચિત આદેશ આપણામાંના દરેકને મળે જ છે પણ આપણે સાંભળી નથી શકતા અને જ્યાં સુધી આપણી અંદર રહેલા ડગલે ને પગલે વ્યક્ત થતાં વ્યક્તિગત અહંકાર ના અવાજને કચડીને આપણે પ્રભુ નો અવાજ આદેશ હકીકતમાં સાંભળવા તૈયાર ન થઈએ ત્યાં સુધી સાંભળી પણ નહીં શકીએ. આપણી સામે જ્યારે પણ સમસ્યા ઊભી થાય છે ત્યારે આપણો અહંકાર સામે આવે છે. મન એક પછી એક અનેક યુક્તિ- પ્રયુક્તિઓ બતાવવા માંડે છે. આ કરો, તે કરો અને આપણે વિચારીએ છીએ કે આમ કરવાથી આપણને સફળતા મળશે. સુખી થઈ જઈશું. આપણને પળ ભર માટે પણ એવો વિચાર નથી આવતો કે હું જે રીતે આ કાર્ય કરું છું તે પ્રભુના આદેશને અનુરૂપ છે કે નહીં?

મન અસંખ્ય સંસ્કારોથી, વાસનાઓથી ભરેલું હોય છે વળી વર્તમાન વાતાવરણની અસર સંસ્કારો પર પ્રભાવ પાડે છે. તે જાગી ઉઠતા તેને અનુરૂપ આપણે આપણો કાર્યક્રમ, કાર્ય નક્કી કરીએ છીએ અને સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયાસ કરીએ છીએ. સંયોગથી આપણા કેટલાક કાર્ય પ્રભુના આદેશને અનુકૂળ ભલે હોય પરંતુ મોટાભાગે વિપરીત જ હોય છે. વિપરીત હોવાનો પુરાવો એ કે આગળ જતાં તેમાં ઈર્ષા, અડચણ, પરનિંદા, અહમ, મલિનતા, અજ્ઞાન વગેરે ઘેરી વળે છે અને એવું જ આજની દુનિયામાં બની રહ્યું છે. લગભગ તમામ ક્ષેત્રોમાં વત્તે ઓછે અંશે આ દેખાય છે.

અહંકારના અવાજને બિલકુલ શાંત કરવો સહેલો નથી અને તેમ થયા વગર પ્રભુના સંકેતને સ્પષ્ટ સાંભળી શકવો પણ શક્ય નથી પણ એ દિશામાં આપણે પ્રયત્ન તો કરીએ. પ્રભુ તરફથી આવેલી પ્રેરણાને સ્વીકારવા તરફ આપણું મન તો વાળીએ. તેમના આદેશનું અનુસરણ કરવાનો નિશ્ચય આપણી બુદ્ધિ કરે તો પ્રભુ તરફથી કંઈક ને કંઈક પૂરતો પ્રકાશ મળશે. એકવાર આપણે આપણા મનમાંના સંચિત (કુ)સંસ્કારોના પ્રવાહને રોકી મન ખાલી કરીએ. નહીં ખાલી કરી શકીએ તો કમસેકમ પ્રભુ સાથે સંબંધ રાખવાના વિચારો, ભાવો ને મનમાં ભરવાનું શરૂ કરીએ. પ્રભુ સ્મરણ થી ચિત્ત ભરવા પ્રયાસ કરીએ એમ કરવાથી અહંકાર હોવા છતાં ચિત્તમાં પ્રભુના દિવ્ય સંદેશના ધબકારા- સ્પંદન શરૂ થશે. કદાચ આપણી અને પ્રભુ વચ્ચે રહેલા અવરોધની ઘનતાને કારણે આપણને તે સ્પંદનની અનુભૂતિ નહીં થાય અને એટલી અસ્પષ્ટ હોય કે આપણે બરાબર સમજી ન શકીએ પ્રભુ શું ઈચ્છે છે. એની આજ્ઞા શું છે? એ સ્પષ્ટ નિર્ણય આપણે નહીં કરી શકીએ તો પણ આપણું કામ તો થઈ જશે. આ રૂપમાં અજાણતા પણ પ્રભુ આપણને જે દિશામાં લઈ જવા ઈચ્છતા હતા તે તરફ ગતિ થઈ જશે. તે પછી અડચણ નહીં રહે કે શું કરવું? શું નહીં કરવું? સ્વાભાવિક આપણે જે તરફ જવાનું હશે તે તરફ જઈશું. જ્યાંથી ખસી જવાનું હશે ત્યાંથી ખસી જઈશું.

ઈર્ષાની આગનો પછી આપણને સંતાપ નહીં રહે કે, ‘અરે.. રે, હું આટલું જ કમાયો, પેલો ખૂબ કમાઈ ગયો, પેલાનો લોકો બહુ આદર કરે છે અને મને કોઈ પૂછતું નથી, હું પાછળ રહી ગયો તે આગળ નીકળી ગયો, વગેરે. પેલો પડતો કેમ નથી? તેવી દૂષિત ભાવના પણ આપણને પરેશાન નહીં કરી શકે. બીજાના દોષોની નિંદા, ટીકા કરીને આપણું મન મલિન કરવાની વૃત્તિ પછી આપણામાં નહીં રહે. અમે બહુ સારા છીએ, બીજા બધા ઠીક છે- એવો ગર્વ આપણામાં નહીં આવે. બીજાને સુધારવાના અભરખામાં પણ નહીં પડીશું. આપણા વિરોધીઓની વાતને સાંભળી યથાયોગ્ય આદર કરીશું ત્યારે આપણામાં રહેલા નાના નાના દોષ સામે આવવા લાગશે તે ધોવામાં, દૂર કરવામાં એટલા વ્યસ્ત બની જઈશું કે બીજાનામાં રહેલી મલિનતા દૂર કરવાનો વિચાર સુદ્ધાં નહીં આવે. ‘ઈદં ન મમ’. (ક્રમશઃ)